GJSR010013652023

| | |
|---|---|
| રજૂ તારીખ | : ૨૭.૦૧.૨૦૨૩ |
| દાખલ તારીખ | : ૨૭.૦૧.૨૦૨૩ |
| ફેંસલ તારીખ | : ૦૯.૦૪.૨૦૨૬ |
| અવધિ | : વર્ષ માસ દિવસ |
| | ૩ ૨ ૧૩ |

**આંક –**

સત્યમેવ જયતે

**ફોર્મ–'એ'**

## સુરતના મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશશ્રીની
## કોર્ટ સમક્ષ, મુ.સુરત

[ચૂકાદા તારીખઃ ૦૯.૦૪.૨૦૨૬]

## સેશન્સ કેસ નં.૮૦/૨૦૨૩

(સચીન જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશન પાર્ટ–'એ' ગુના રજિ. નં.૧૧૨૧૦૦૦૨૨૧૬૫૦૯/૨૦૨૧)

**ફરિયાદીઃ** **શ્રી સરકાર.**

**ફરિયાદ પક્ષ તરફે વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસિક્યૂટર**
**શ્રી આર.પી. ડોબરીયા**

વિરુદ્ધ

**આરોપીઃ** **ફૈઝાનઆલમ ઈસરારઆલમ સૈયદ,**
ઉં.૨૧ વર્ષ, ધંધોઃ મજૂરી,
રહેવાસીઃ પ્લોટ નં.૧૨૨, રૂમ નં.૪, નાઝીમભાઈના મકાનમાં, નીઝામીનગર, ઉનગામ તળાવ પાસે, ઉન, સુરત; મૂળ રહે. અકબરપુર, પો.રજત, થાના અકબરપુર, જિ.નવાદા, બિહાર.

**આરોપી તરફે વિ.વકીલશ્રી પી.વી.કેદારે**

## ફોર્મ–'બી'

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૯.૧૦.૨૦૨૧ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૨૨.૧૦.૨૦૨૧ |
| ચાર્જશીટ તારીખ | ૦૯.૧૧.૨૦૨૧ |
| તહોમતનામું ઘડ્યા તારીખ | ૦૬.૦૩.૨૦૨૩ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૧૧.૦૪.૨૦૨૫ |
| ચૂકાદા પર રાખ્યા તારીખ | ૦૯.૦૪.૨૦૨૬ |
| ચૂકાદા તારીખ | ૦૯.૦૪.૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | –– |

## આરોપીની વિગતો

| આરોપી ક્રમાંક | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર મુક્ત કર્યા તારીખ | આક્ષેપિત ગુના | છોડી મૂકેલ છે કે સજા કરેલ છે | કરવામાં આવેલ સજા | ફો.કા.સં. ની કલમ–૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો વર્ષ–માસ–દિ. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **ફૈઝાન–આલમ ઈસરાર–આલમ સૈયદા** | ૨૩.૧૦.૨૦૨૧ | ૦૨.૧૧.૨૦૨૧ | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩) મુજબનો. | છોડી મૂકેલ છે. | –– | –– |

## ફોર્મ–'સી'

### એ. ફરિયાદ પક્ષ તરફેના શાહેદોનું લીસ્ટઃ–

| શાહેદ નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| | | **મુખ્ય શાહેદો** | |
| ૪ | ૧૮–એ | આકાશ કમાલુદ્દિન શેખ | ફરિયાદી |

| શાહેદ નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૫ | ૨૩ | રીટાબેન માયારામ શર્મા | નજરે જોનાર શાહેદ [**વિમુખ**] |
| ૬ | ૨૪ | રૂપસીંગ જશવંતસીંગ રાઠોડ | નજરે જોનાર શાહેદ [**વિમુખ**] |
| ૮ | ૨૬ | ફિરોઝ અકિલભાઈ તૈલી | નજરે જોનાર શાહેદ [**વિમુખ**] |
| | | **પંચ શાહેદો** | |
| ૧ | ૧૨ | મુકેશભાઈ તારકનાથ પાંડે | ગુનાવાળી જગ્યાના પંચનામા **(આંક-૧૩)** તથા આરોપીના અટક પંચનામા **(આંક-૧૪)** ના પંચો [**વિમુખ**] |
| ૨ | ૧૫ | રણવીરસિંહ હકીમસિંહ રાજપુત | |
| ૩ | ૧૭ | સુરેશભાઈ ત્રિવેદીપ્રસાદ | મુદ્ધામાલ રીકવરીના પંચનામા **(આંક-૧૮)** ના પંચ [**વિમુખ**] |
| | | **પોલીસ શાહેદો** | |
| ૭ | ૨૫ | દિપકકુમાર હરિસીંગ ડાભી | આરોપીને અટક કરનાર હેડ કોન્સ્ટેબલ |
| ૯ | ૨૮ | ઘનશ્યામસિંહ રતનસિંહ પરમાર | તપાસ કરનાર અધિકારી |

બચાવ પક્ષ તરફે કે કોર્ટ દ્ધારા કોઈ શાહેદો તપાસવામાં આવેલ નથી.

## એ. ફરિયાદ પક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટઃ-

| અનુ. નં. | આંક/ શાહેદ નં. | વિગત |
|---|---|---|
| ૧ | ૧૩/૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૨ | ૧૪/૧ | આરોપીનું અટક પંચનામું |
| ૩ | ૧૮/૩ | મુદ્ધામાલ રીકવરીનું પંચનામું |

| **અનુ. નં.** | **આંક/ શાહેદ નં.** | **વિગત** |
|---|---|---|
| ૪ | ૧૯/૪ | ફરિયાદ |
| ૫ | ૨૮/૯ | આર.સી.બુકની નકલ |

બચાવ પક્ષ તરફે કે કોર્ટ દ્વારા કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલ નથી.

**ગુનોઃ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩) મુજબનો.**

## ચૂકા દો

**(૧)** આ કામના ઉપરોક્ત આરોપી વિરુદ્ધ સુરતના વિ.૯[મા] અધિક સત્ર ન્યાયાધીશશ્રીએ **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩)** મુજબના ગુના સબબ **આંક–૪** થી તહોમતનામું ફરમાવેલ છે.

**(૨)** ફરિયાદ પક્ષના **કેસની ટૂંકમાં હકીકત** એવી છે કે,

**/એ/** તારીખઃ ૧૯.૧૦.૨૦૨૧ ના રોજ ૧૯:૩૦ કલાકે આ કામના ફરિયાદી આકાશ કમાલુદ્દિન શેખ ઑટો રિક્ષામાં બેસી પોતાના મોબાઈલ ફોન પર વાત કરતા કરતા જતા હતા, ત્યારે આ રિક્ષા સચીન જી.આઈ.ડી.સી. રોડ નં.૫૫ ની ચોકડી પાસેથી પસાર થતી વખતે આરોપીએ તેમના કબજાની મોટર સાઈકલ નં.જીજે–૫–એચટી–૮૩૪૫ ને ફરિયાદી જે રિક્ષામાં બેસીને જતા હતા તેની નજીક ચલાવી, ફરિયાદીના હાથમાંથી તેમનો ટેકનો કંપનીનો સ્પાર્ક–૭ મોડલનો મોબાઈલ ફોન અપ્રમાણિકપણે ફરિયાદીની સંમતિ વગર ઝૂંટવી લઈ નાસી જઈ **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩)** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે.

ઉપરોક્ત બનાવ બાબતે ફરિયાદી આકાશ કમાલુદ્દિન શેખએ તારીખઃ ૨૨.૧૦.૨૦૨૧ ના રોજ સચીન જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. રૂબરૂ સ્પ્લેન્ડર મોટર સાઈકલ નં.જીજે–૫–એચટી–૮૩૪૫ ના ચાલક વિરુદ્ધ ફરિયાદ જાહેર કરેલ.

**ફરિયાદ બાદની તપાસનો ટૂંક સારઃ**

**/બી/** ફરિયાદીએ સુરત શહેર સચીન જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. રૂબરૂ ફરિયાદ હકીકત જાહેર કર્યા બાદ પી.એસ.ઓ.એ હાલનો ગુનો નોંધી આગળની તપાસ હેડ કોન્સ્ટેબલ ઘનશ્યામસિંહ રતનસિંહ પરમાર **(શાહેદ નં.૯, આંક–૨૮)** ને સોંપેલ, જેમણે બે પંચોની હાજરીમાં **આંક–૧૩** નું ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ. ત્યાર બાદ પોલીસે બાતમી આધારે **આંક–૧૮** ના પંચનામાની વિગતે મુદ્દામાલ કબજે લેવામાં આવેલ અને આરોપીને **આંક–૧૪** ના પંચનામાની વિગતે અટક કરવામાં આવેલ. ત્યાર બાદ તપાસ કરનાર અધિકારીએ લાગતા વળગતા શાહેદોના નિવેદનો નોંધી, તપાસના અંતે આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો જણાતાં તેમણે આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩) મુજબના ગુનાનું ચાર્જશીટ સુરતના વિ.૮મા એડિશ્નલ સિવિલ જજ અને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટમાં દાખલ કરતાં તે **ફોજદારી મુકદ્દમા નં.૧૦૧૦૮૭/૨૦૨૧** થી રજિસ્ટરે લેવામાં આવેલ.

**કમિટલ કાર્યવાહીઃ**

**/સી/** આરોપી વિરુદ્ધ સુરતના વિ.૮મા એડિશ્નલ સિવિલ જજ અને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટમાં ચાર્જશીટ રજૂ થતાં તે ફોજદારી મુકદ્દમા નં.૧૦૧૦૮૭/૨૦૨૧ થી રજિસ્ટરે લીધા બાદ આરોપી

વિ.મેજિસ્ટ્રેટશ્રી સમક્ષ ઉપસ્થિત થતાં, આરોપીને તેમના વિરુદ્ધના કેસ કાગળોની નકલો પૂરી પાડવામાં આવેલ. આરોપી વિરુદ્ધના આક્ષેપિત ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા ફક્ત સત્ર ન્યાયાલયને હોઈ, સુરતના વિ.મેજિસ્ટ્રેટશ્રીએ આરોપી સામેનો સદર કેસ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૯ અન્વયે તારીખઃ ૨૧.૦૧.૨૦૨૩ ના રોજ સેશન્સ કમિટ કરતાં, તે અત્રેની અદાલતમાં **સેશન્સ કેસ નં.૮૦/૨૦૨૩** માં તબદિલ થયેલ અને ત્યાર બાદ સદર કેસ આગળની ન્યાયિક કાર્યવાહી માટે સુરતના વિ.૯મા અધિક સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવેલ.

**કેસની પ્રાથમિક કાર્યવાહીઃ**

(૩) આ કેસમાં સુરતના વિ.૯મા અધિક સત્ર ન્યાયાધીશશ્રી દ્વારા **આંક–૪** થી આરોપી વિરુદ્ધ **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩)** મુજબના ગુના સબબ **તહોમતનામું** ફરમાવવામાં આવેલ. જે તહોમતનામું સદર આરોપીને વાંચી, સંભળાવી, સમજાવવામાં આવેલ અને તે અન્વયે આરોપીની આંક–૫ અન્વયે પ્લી એટલે કે નિવેદન લેવામાં આવેલ. જેમાં આરોપીએ પોતાને ગુનો કબૂલ નથી અને કેસ ગુણદોષ પર આગળ ચલાવવા માંગે છે, તેવી ઈચ્છા વ્યક્ત કરતા ફરિયાદ પક્ષને આરોપી વિરુદ્ધનું તહોમતનામું પુરવાર કરવાની તક આપવામાં આવેલ.

**પુરાવો નોંધવાની કાર્યવાહીઃ**

(૪) આરોપી વિરુદ્ધ આંક–૪ થી ફરમાવવામાં આવેલા તહોમતનામાની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ તરફે ઉપરોક્ત **ફોર્મ–'સી'** માં જણાવ્યા મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે. ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવાની ન્યાયિક કાર્યવાહી

દરમ્યાન સદર કેસ અત્રેની કોર્ટમાં ટ્રાન્સફર થયેલ છે.

**આરોપીનું વિશેષ નિવેદનઃ**

**(૫)** ત્યાર બાદ ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ આંક–૩૦ થી ફરિયાદ પક્ષનો પુરાવો પૂરો થયાનું જાહેર કરતાં, આરોપીને તેઓ વિરુદ્ધ રજૂ થયેલા પુરાવા અંગે ખુલાસો કરવાની પૂરતી તક મળી રહે, તે હેતુથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે; જેમાં આરોપીએ ફરિયાદ પક્ષના તમામ પુરાવાનો ઈન્કાર કરેલ છે. આરોપીએ વિશેષમાં જણાવેલ છે કે, તેમણે કહેવાતો કોઈ ગુનો કરેલ ન હોવા છતાં તેમના વિરુદ્ધ ફરિયાદ નોંધી, ખોટી રીતે ધરપકડ કરી, ખોટી તપાસ કરી, ખોટું ચાર્જશીટ કરેલ છે; તેઓ નિર્દોષ છે. આરોપીએ જાતે સોગંદ પર જુબાની આપેલ નથી કે પોતાના બચાવમાં કોઈ શાહેદ તપાસેલ નથી.

**(૬)** ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલા ઉપરોક્ત મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા. પુરાવાના અંતે **ફરિયાદ પક્ષ** તરફે **વિ.એ.પી.પી.શ્રી આર.પી.ડોબરીયા**ની તેમજ **આરોપી તરફે વિ.વકીલશ્રી પી.વી.કેદારે** ની સવિસ્તૃત દલીલો સાંભળવામાં આવેલ છે.

## ફરિયાદ પક્ષ તરફે કરવામાં આવેલ દલીલ/રજૂઆતો

**(૭)** ફરિયાદ પક્ષ તરફે **વિ.એ.પી.પી.શ્રી આર.પી.ડોબરીયા**એ એવી રજૂઆત કરેલ છે કે, આરોપી વિરુદ્ધ ફરિયાદીના હાથમાંથી તેમનો મોબાઈલ ફોન ઝૂંટવી નાસી જવાના આક્ષેપ છે. આ આક્ષેપ પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ દ્વારા કુલ નવ શાહેદોનો મૌખિક પુરાવો રજૂ કરવામાં આવેલ છે અને

સંલગ્ન દસ્તાવેજી પુરાવાઓ પણ રજૂ કરવામાં આવેલ છે. ફરિયાદી આકાશ કમાલુદ્દિન શેખ (શાહેદ નં.૪) ના મૌખિક પુરાવા પરથી બનાવ સમયે તેઓ ઑટો રિક્ષામાં બેસીને જતા હતા, ત્યારે મોટર સાઈકલ પર આવેલ એક અજાણ્યા ઈસમે તેમનો મોબાઈલ ફોન ઝૂંટવી લીધેલ અને તેની મોટર સાઈકલ પૂર ઝડપે ચલાવી નાસી ગયેલ, તેટલો પુરાવો રેકર્ડ પર આવે છે. જો કે તેમણે આરોપીની ઓળખ સંબંધે કોઈ સ્પષ્ટ વિગત જણાવેલ નથી. પરંતુ ફરિયાદ પક્ષના શાહેદ નં.૭ હેડ કોન્સ્ટેબલ દિપકકુમાર હરિસીંગ ડાભી તેમજ શાહેદ નં.૯ તપાસ કરનાર અધિકારી ઘનશ્યામસિંહ રતનસિંહ પરમારના મૌખિક પુરાવાથી આ કામના આરોપીને મુદ્દામાલના મોબાઈલ ફોન સાથે અટક કરવામાં આવેલ હોવાની વિગત રેકર્ડ પર આવે છે, જે અંગે રેકર્ડ પર આંક–૧૪ અને ૧૮ ના પંચનામા રજૂ કરવામાં આવેલ છે. આ મૌખિક અને દસ્તાવેજી પુરાવા આધારે આરોપી પાસેથી મુદ્દામાલનો મોબાઈલ ફોન કબજે લેવામાં આવેલ હોવાનું સાબિત થાય છે. ફરિયાદ પક્ષે તપાસેલ તમામ પંચ શાહેદો વિમુખ જાહેર થયેલ છે, પરંતુ તેઓના મૌખિક પુરાવા દરમ્યાન રજૂ થયેલ આંક–૧૩, ૧૪, ૧૮ ના પંચનામાઓની વિગતો ફરિયાદ પક્ષના શાહેદ નં.૯ તપાસ કરનાર અધિકારી ઘનશ્યામસિંહ રતનસિંહ પરમારના આંક–૨૮ ના મૌખિક પુરાવાથી પુરવાર થાય છે. સદર ગુનાના કામે કબજે લેવામાં આવેલ મોટર સાઈકલ નં. જીજે–૫–એચટી–૮૩૪૫ એ આ કામના આરોપીની માલિકીની છે, જે અંગે ફરિયાદ પક્ષ દ્વારા આંક–૨૮ થી સદર વાહનની આર.સી.બુકની નકલ પણ રજૂ કરવામાં આવેલ છે. ફરિયાદીની આંક–૧૯ ની ફરિયાદ વંચાણે લેવામાં આવે તો તેમાં પણ મોટર સાઈકલ નં.જીજે–૫–એચટી–૮૩૪૫ ઉપર આવેલ ઈસમ તેનો મોબાઈલ ફોન ઝૂંટવીને નાસી ગયેલ, તેવી હકીકત જણાવેલ છે. આમ, ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ તમામ પુરાવાઓનું સમગ્રપણે મૂલ્યાંકન કરવામાં આવે તો, ફરિયાદીનો મોબાઈલ ફોન આ કામના આરોપી ઝૂંટવીને નાસી ગયેલ

હોવાની તેમજ આરોપી પાસેથી આ ચોરીનો મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ હોવાની હકીકત પુરવાર થાય છે, જેથી ફરિયાદ પક્ષે આરોપી વિરુદ્ધનો આક્ષેપિત ગુનો નિઃશંકપણે પુરવાર કરેલ હોઈ, આરોપીને કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા કરવા રજૂઆત કરેલ છે.

## બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ દલીલ/રજૂઆતો

(૮) **આરોપી તરફે વિ.વકીલશ્રી પી.વી.કેદારે** દ્વારા કરવામાં આવેલ રજૂઆતનો સારાંશ એવો છે કે, ફોજદારી વિધિમિમાંશાના પ્રસ્થાપિત સિદ્ધાંત અનુસાર ફરિયાદ પક્ષે આરોપી વિરુદ્ધનું તહોમતનામું નિઃશંકપણે પુરવાર કરવું આવશ્યક છે. આ સંદર્ભે બચાવ પક્ષ તરફે નામદાર સર્વોચ્ચ અદાલતનો **કાલી રામ વિ. હિમાચલ પ્રદેશ રાજ્ય – ૧૯૭૩ એ.આઈ.આર. ૨૭૭૩** નો ચૂકાદો રજૂ કરવામાં આવેલ છે, જેમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ઠરાવવામાં આવેલ છે કે,

> *"... One of the cardinal principles which has always to be kept in view in our system of administration of justice for criminal cases is that a person arraigned as an accused is presumed to be innocent unless that presumption is rebutted by the prosecution by production of evidence as may show him to be guilty of the offence with which he is charged. The burden of proving the guilt of the accused is upon the prosecution and unless it relieves itself of that burden, the courts cannot record a finding of the guilt of the accused. There are certain cases in which statutory presumptions arise regarding the guilt of the accused, but the burden even in those cases is upon the*

*prosecution to prove the existence of facts which have to be present before the presumption can be drawn. Once those facts are shown by the prosecution to exist, the court can raise the statutory presumption and it would, in such an event, be for the accused to rebut the presumption. The onus even in such cases upon the accused is not as heavy as is normally upon the prosecution to prove the guilt of the accused. If some material is brought on the record consistent with the innocence of the accused which may reasonably be true, even though it is not positively proved to be true, the accused would be entitled to acquittal."*

નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોક્ત ચૂકાદામાં ઠરાવવામાં આવેલ સિદ્ધાંતો ધ્યાને લેવામાં આવે તો ફરિયાદ પક્ષે આરોપી વિરુદ્ધનું તહોમતનામું પુરવાર કરવાનું તો દૂર, કોઈ પ્રતિકૂળ સંજોગો પણ પ્રસ્થાપિત કરી શકેલ નથી.

**(૮.૧) બચાવ પક્ષ તરફેના વિ.વકીલશ્રી દ્વારા વધુમાં એવી રજૂઆત કરવામાં આવેલ છે કે,** ફરિયાદી – શાહેદ નં.૪ આકાશ કમાલુદ્દિન શેખના મૌખિક પુરાવા આધારે તેમનો મોબાઈલ ફોન મોટર સાઈકલ પર આવેલ એક અજાણ્યો ઈસમ ઝૂંટવીને નાસી ગયેલ, માત્ર તેટલી જ હકીકત રેકર્ડ પર આવે છે; ફરિયાદીએ તેમના મૌખિક પુરાવામાં તેમનો મોબાઈલ ફોન ઝૂંટવી જનાર ઈસમની ઓળખ સંબંધે કોઈ વિગતો જણાવેલ નથી કે આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ નથી. આરોપી જે વાહન પર આવેલ, તે વાહનના રજિસ્ટ્રેશન નંબર અંગે પણ તેમણે કોઈ વિગત જણાવેલ નથી; આમ, ફરિયાદીના મૌખિક પુરાવા પરથી આરોપીએ હાલનો ગુનો કરેલ હોવાની

હકીકતને સમર્થન પ્રાપ્ત થતું નથી. તેમણે વધુમાં જણાવેલ છે કે, ફરિયાદ પક્ષે શાહેદ નં.૫, ૬, ૮ તરીકે તપાસેલ નજરે જોનાર શાહેદોને ફરિયાદ પક્ષ દ્વારા વિમુખ જાહેર કરવામાં આવેલ છે. આ ઉપરાંત ફરિયાદ પક્ષના શાહેદ નં.૧ થી ૩ કે જેઓ પંચ શાહેદો છે, તેઓને પણ ફરિયાદ પક્ષ દ્વારા વિમુખ જાહેર કરવામાં આવેલ હોવાથી આંક–૧૩, ૧૪, ૧૮ ના પંચનામાઓની વિગતો પુરવાર થતી નથી.

**(૮.૨) બચાવ પક્ષ તરફેના વિ.વકીલશ્રી દ્વારા વિશેષમાં એવી રજૂઆત કરવામાં આવેલ છે કે,** ફરિયાદ પક્ષના શાહેદ નં.૭ હેડ કોન્સ્ટેબલ દિપકકુમાર હરિસીંગ ડાભી તથા શાહેદ નં.૯ તપાસ કરનાર અધિકારી ઘનશ્યામસિંહ રતનસિંહ પરમારના મૌખિક પુરાવા મુજબ, પોલીસને મળેલ બાતમી આધારે આ કામના આરોપીને બાતમીવાળી જગ્યાએથી મુદ્દામાલના મોબાઈલ ફોન સાથે અટક કરવામાં આવેલ અને તે અંગે આંક–૧૮ નું પંચનામું કરવામાં આવેલ. પરંતુ સદર પંચનામાના પંચ (શાહેદ નં.૩) વિમુખ જાહેર થયેલ છે. વધુમાં જે જગ્યાએથી આરોપીને અટક કરવામાં આવ્યા, તે જાહેર વિસ્તાર છે. આથી આ જગ્યાએથી સ્વતંત્ર શાહેદ મળી શકે તેમ હોવા છતાં આ કામે કોઈ સ્વતંત્ર શાહેદનો પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. વધુમાં આ કામે ફરિયાદી મારફત આરોપીની કોઈ ઓળખ પરેડ કરાવવામાં આવેલ નથી કે અન્ય કોઈ આધારભુત પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. આમ, ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ આધારે આરોપી ફરિયાદીનો મોબાઈલ ફોન ઝૂંટવીને નાસી ગયેલ હોય અને તે જ મોબાઈલ ફોન આરોપી પાસેથી રીકવર કરવામાં આવે હોય, તે હકીકત નિઃશંકપણે પુરવાર થતી ન હોઈ, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા રજૂઆત કરેલ છે.

## મુદ્દા અને તેના નિર્ણયો

**(૯)** આ પ્રકરણમાં ફરિયાદ પક્ષે રજૂ કરેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા, ઉભય પક્ષકારોના વિ.વકીલશ્રીઓ દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ દલીલો, કાયદાકીય પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાનમાં લેતાં આ કેસના અંતિમ નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છેઃ–

**૧.** શું ફરિયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, તારીખઃ ૧૯.૧૦.૨૦૨૧ ના રોજ ૧૯ઃ૩૦ કલાકે આ કામના ફરિયાદી આકાશ કમાલુદ્દિન શેખ ઑટો રિક્ષામાં બેસી પોતાના મોબાઈલ ફોન પર વાત કરતા કરતા જતા હતા, ત્યારે આ રિક્ષા સચીન જી.આઈ.ડી.સી. રોડ નં.૫૫ ની ચોકડી પાસેથી પસાર થતી વખતે આરોપીએ તેમના કબજાની મોટર સાઈકલ નં.જીજે–૫–એચટી–૮૩૪૫ ને ફરિયાદી જે રિક્ષામાં બેસીને જતા હતા તેની નજીક ચલાવી, ફરિયાદીના હાથમાંથી તેમનો ટેકનો કંપનીનો સ્પાર્ક–૭ મોડલનો મોબાઈલ ફોન અપ્રમાણિકપણે ફરિયાદીની સંમતિ વગર ઝૂંટવી લઈ નાસી જઈ **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩)** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

**૨.** શું ફરિયાદ પક્ષ આરોપી વિરુદ્ધ ફરમાવવામાં આવેલ તહોમત નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે?

**૩.** શું હુકમ?

**(૧૦)** ઉપરોકત મુદ્દાઓની કારણોમાં ચર્ચા કરી છે, તે મુજબ તેના નિર્ણયો નીચે મુજબ છેઃ–

**૧.** નકારમાં.

**૨.** નકારમાં.

**૩.** આખરી હુકમ મુજબ.

## કા ર ણો

**મુદ્દા નં.૧:-**

**(૧૧)** આ કામના આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૯(એ)(૩) મુજબના ગુનાનું તહોમત મૂકવામાં આવેલ છે. ફરિયાદ પક્ષે આરોપી સામેનું તહોમતનામું પુરવાર કરવા માટે કુલ નવ શાહેદોનો મૌખિક પુરાવો રજૂ કરેલ છે અને તેને સંલગ્ન દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે, જે મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનું તેના પ્રકાર અનુસાર વિવરણ નીચે પ્રમાણે કરવામાં આવેલ છે.

## ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનું વિવરણ

### મુખ્ય શાહેદોનો પુરાવો

**(૧૨)** ફરિયાદ પક્ષે **શાહેદ નં.૪** તરીકે **ફરિયાદી આકાશ કમાલુદ્દિન શેખ**ને **આંક-૧૮-એ** થી તપાસેલ છે. સદર શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૨૧ માં તેમના ભાઈએ તેમને ટેકનો કંપનીનો નવો મોબાઈલ ફોન ખરીદ કરી આપેલ અને તેમાં એરટેલ કંપનીનું સીમકાર્ડ હતું; બનાવના દિવસે તેઓ સચીન જી.આઈ.ડી.સી. ચોકડી પાસે પહોંચેલ, ત્યારે તેમના ભાઈનો તેમની પર ફોન આવતા, તેઓ ફોન પર વાત કરતા હતા, ત્યારે પાછળથી એક મોટર સાઈકલ ચાલકે તેમના હાથમાંથી

મોબાઈલ ફોન ઝૂંટવી લીધેલ અને તે મોટર સાઈકલ પૂરઝડપે ચલાવી નાસી ગયેલ; તેમણે તે મોટર સાઈકલનો નંબર લખી લીધેલ, પરંતુ તે નંબર તેમને યાદ નથી; બનાવ અંગે તેમણે સચીન જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલ, જે ફરિયાદ તેમણે **આંક–૧૯** થી રજૂ કરી તેમાં તેમની સહી ઓળખી બતાવેલ છે; તેમણે પોલીસને ગુનાવાળી જગ્યા બતાવેલ અને પોલીસે તેમની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ અને વધુમાં તેમને તેમનો મોબાઈલ ફોન બતાવવામાં આવે તો ઓળખી શકે તેમ હોવાનું જણાવેલ છે. તેમણે મહત્વની રીતે જણાવેલ છે કે, તેઓ આરોપીને ઓળખતા નથી.

**(૧૨.૧) બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઊલટતપાસમાં સદર શાહેદ નં.૪ નાએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,** બનાવવાળો વિસ્તાર ભારે ટ્રાફિકવાળો છે; તેમણે આરોપીને જોયેલ નથી; ફરિયાદ આપતી વખતે તેમણે આરોપીનું રૂપ, રંગ, ઉંમર, દેખાવ, શરીરનો બાંધો, મોપેડનો રજિસ્ટ્રેશન નંબર, કલર લખાવેલ નથી.

**(૧૩)** ફરિયાદ પક્ષે **શાહેદ નં.૫** તરીકે **રીટાબેન માયારામ શર્મા**ને **આંક–૨૩** થી, **શાહેદ નં.૬** તરીકે **રૂપસીંગ જશવંતસીંગ રાઠોડ**ને **આંક–૨૪** થી તેમજ **શાહેદ નં.૮** તરીકે **ફિરોઝ અકિલભાઈ તૈલી**ને **આંક–૨૬** થી તપાસેલ છે. ફરિયાદ પક્ષના કેસ મુજબ, સદર ત્રણે શાહેદો આ બનાવના **નજરે જોનાર શાહેદો** છે. સદર ત્રણે શાહેદોએ તેઓના મૌખિક પુરાવામાં સમાન પ્રકારે જણાવેલ છે કે, તેઓને બનાવ અંગે કોઈ જાણકારી નથી. કોઈ રિક્ષામાં પેસેન્જર જતા હોય, તેની સાથે કોઈ બનાવ બનેલ હોય, તેઓએ કોઈ બૂમાબૂમ સાંભળેલ હોય કે તેમણે કોઈને મોટર સાઈકલ પર પૂરઝડપે ભાગતા જોયેલ હોય, તેવું બનેલ નથી.

સદર શાહેદોએ તેઓના મૌખિક પુરાવામાં ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતી કોઈ વિગત જણાવેલ ન હોઈ, **વિ.એ.પી.પી.શ્રીએ** સદર ત્રણે શાહેદોને **વિમુખ** જાહેર કરી ઊલટતપાસ કરેલ છે, પરંતુ તેમાંથી ફરિયાદ પક્ષના કેસને મદદરૂપ થાય, તેવી કોઈ વિગત રેકર્ડ પર આવતી નથી.

## <u>પંચ શાહેદોનો પુરાવો</u>

**(૧૪)** ફરિયાદ પક્ષે **આંક-૧૩** થી **ગુનાવાળી જગ્યાનું પંચનામું** રજૂ કરેલ છે, જે પંચનામા મુજબ, ગુનાવાળી જગ્યા સુરત, સચીન જી.આઈ.ડી.સી. રોડ નં.૫૫ ની ચોકડી પાસે જાહેર રોડ પર આવેલ છે. આ ઉપરાંત ફરિયાદ પક્ષે **આંક-૧૪** થી **આરોપીનું અટક પંચનામું** રજૂ કરેલ છે. સદર બંને પંચનામાઓના પંચો કોમન છે. સદર બંને પંચનામાઓની વિગતો પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે **શાહેદ નં.૧** તરીકે **પંચ મુકેશભાઈ તારકનાથ પાંડે**ને **આંક-૧૨** થી તેમજ **શાહેદ નં.૨** તરીકે **પંચ રણવીરસિંહ હકીમસિંહ રાજપુત**ને **આંક-૧૫** થી તપાસેલ છે. સદર બંને શાહેદોએ તેઓની સોગંદ પરની જુબાનીમાં સમાન પ્રકારે જણાવેલ છે કે, તેઓની હાજરીમાં કોઈએ કોઈ જગ્યા બતાવલ હોય તેમજ તેઓની હાજરીમાં કોઈ આરોપીને અટક કરી તેનું પંચનામું કરવામાં આવેલ હોય, તેવું બનેલ નથી. સદર પંચ શાહેદોએ **આંક-૧૩ અને ૧૪** ના પંચનામાઓમાં પંચ તરીકે માત્ર તેઓની સહી ઓળખી બતાવેલ છે. આ સિવાય તેઓએ સદર પંચનામાને સમર્થન કરતી કોઈ વિગતો જણાવેલ ન હોઈ, **વિ.એ.પી.પી.શ્રીએ** સદર પંચ શાહેદોને **વિમુખ** જાહેર કરી તેઓની ઊલટતપાસ કરેલ છે, પરંતુ તેમાંથી સદર પંચનામાઓને સમર્થન પ્રાપ્ત થાય તેવી કોઈ વિગતો રેકર્ડ પર આવતી નથી.

**(૧૫)** ફરિયાદ પક્ષે **આંક-૧૮** થી **મુદ્દામાલ રીકવરીનું પંચનામું** રજૂ કરેલ છે. સદર પંચનામાની વિગતો અનુસાર પોલીસે બાતમી આધારે

આરોપીને રોકી તેની અંગઝડતી કરતા તેના કબજામાંથી મુદ્દામાલનો મોબાઈલ ફોન મળી આવેલ; તેની પાસે આ મોબાઈલ ફોન સંબંધે કોઈ આધાર–પુરાવા ન હોઈ, તેમની પૂછપરછ કરતાં તેમણે હાલના ગુનાની કબૂલાત કરેલ, જેથી આરોપી પાસેનો સદર મોબાઈલ ફોન તેમજ તેમના કબજાની મોટર સાઈકલ નં.જીજે–૫–એચટી–૮૩૪૫ કબજે લેવામાં આવેલ. સદર પંચનામાની વિગતો પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે **શાહેદ નં.૩** તરીકે **પંચ સુરેશભાઈ ત્રિવેદીપ્રસાદ**ને **આંક–૧૭** થી તપાસેલ છે. સદર પંચ શાહેદે તેમના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, પોલીસે તેમની તૈયાર કાગળમાં સહી લીધેલ; તેઓ પોલીસ સાથે કોઈ બાતમીવાળી જગ્યાએ ગયા હોય અને કોઈ ઈસમને રોકી, તેની અંગઝડતી કરતાં તેની પાસેથી કોઈ મોબાઈલ ફોન મળી આવેલ હોય અને તેમની હાજરીમાં કોઈ મુદ્દામાલ કબજે લેવામાં આવેલ હોય, તેવું બનેલ નથી. સદર પંચ શાહેદે આંક–૧૮ ના પંચનામામાં પંચ તરીકે માત્ર તેમની સહી ઓળખી બતાવેલ છે. આ સિવાય તેમણે સદર પંચનામાને સમર્થન કરતી અન્ય કોઈ વિગતો જણાવેલ ન હોઈ, **વિ.એ.પી.પી.શ્રીએ** સદર પંચ શાહેદને **વિમુખ** જાહેર કરી તેમની ઊલટતપાસ કરેલ છે, પરંતુ તેમાંથી સદર પંચનામાને સમર્થન પ્રાપ્ત થાય તેવી કોઈ વિગતો રેકર્ડ પર આવતી નથી.

## પોલીસ શાહેદોનો પુરાવો

**(૧૬)** ફરિયાદ પક્ષે આરોપીને મુદ્દામાલ સાથે અટક કરવા સંબંધે **શાહેદ નં.૭** તરીકે **હેડ કોન્સ્ટેબલ દિપકકુમાર હરિસીંગ ડાભી**ને **આંક–૨૫** થી તપાસેલ છે. સદર પોલીસ શાહેદે તેમના મૌખિક પુરાવામાં જણાવેલ છે કે, તારીખઃ ૨૨.૧૦.૨૦૨૧ નાં રોજ તેઓ સચીન જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનનાં સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા, તે દરમ્યાન સચીન જી.આઈ.ડી.સી. પાલીવાલ ચાર રસ્તા પાસે આવતા તેમને તથા તેમની સાથેના અ.પો.કો.

રાહુલસિંહ બળવંતસિંહને બાતમી મળેલ કે, ઉન ગામ નિજામી નગર ખાતે રહેતો ફૈઝાન નામનો ઈસમ એક સ્પ્લેન્ડર પ્લસ મોટર સાઈકલ નં.જીજે–૫–એચટી–૮૩૪૫ ઉપર મોબાઈલ ચોરી કરવા માટે સચીન જી.આઈ.ડી.સી. માં ફરે છે અને તે થોડી વારમાં મોટર સાઈકલ લઈ, શિવનગર તરફથી લક્ષ્મીવિલા ટાઉનશીપ ગેટ નં.૧ પાસે આવનાર છે; આ બાતમી મળતા, તેમણે સાથેના પોલીસ માણસોને બાતમીની જાણ કરી, નજીકમાંથી બે પંચોને બોલાવી, પંચોને ઉપરોક્ત બાતમી હકીકતની જાણ કરેલ; ત્યાર બાદ તેઓ અને પંચના માણસો પોલીસના અન્ય માણસો સાથે બાતમીવાળી જગ્યાએ જઈ વૉચમાં હતા, તે દરમ્યાન ઉપરોક્ત બાતમીમાં જણાવ્યા મુજબના વર્ણનવાળો ઈસમ મોટર સાઈકલ લઈને આવતા, તેને રોકીને કોર્ડન કરી પકડી લીધેલ અને પંચો રૂબરૂ તેનું નામ પૂછતા, તેણે પોતાનું નામ ફેઝાદ આલમ ઈશરાદ આલમ સૈયદ જણાવેલ અને તેની પાસે વાહનની આર.સી.બુક તેમજ ગાડીનું લાયસન્સ માંગતા, તેની પાસે ન હોવાનું જણાવેલ અને મોટર સાઈકલની આગળ–પાછળ નં.જીજે–૫–એચટી–૪૩૪૫ ની નંબર પ્લેટ હતી; તેની અંગઝડતીમાંથી એક સ્કાય બ્લ્યુ કલરનો ટેક્નો કંપનીનો મોબાઈલ ફોન મળી આવેલ; આ બાબતે પણ તેની પાસે કોઈ આધાર–પુરાવા ન હતા; તેની પૂછપરછ દરમ્યાન તેમણે ગુના સંબંધી કબૂલાત કરેલ; સદર મોબાઈલ સંબંધે સચીન જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં હાલનો ગુનો રજિસ્ટર્ડ થયેલ હોઈ, તેની પાસેથી મળેલ મોબાઈલ ફોન તથા મોટર સાઈકલ તપાસના કામે પંચનામુ કરી કબજે લીધેલ અને આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરેલ; સદર શાહેદે આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

**(૧૬.૧) બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઊલટતપાસમાં સદર શાહેદ નં.૭ નાએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,** બાતમી અંગેની નોંધ લેખિતમાં

કરવામાં આવેલ નથી તેમજ કોઈ પ્રાથમિક પંચનામું કરવામાં આવેલ નથી.

(૧૭) ફરિયાદ પક્ષે **શાહેદ નં.૯** તરીકે **તપાસ કરનાર અધિકારી ઘનશ્યામસિંહ રતનસિંહ પરમાર**ને **આંક–૨૮** થી તપાસેલ છે. સદર શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૨૧ માં તેઓ સચીન જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા, તે દરમ્યાન પી.એસ.ઓ. એ તેમને હાલના ગુનાની તપાસ સોંપતા તેમણે ફરિયાદીના બતાવ્યા મુજબ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ, જે આંક–૧૩ ના પંચનામામાં તેમણે બંને પંચોની તથા રૂબરૂ તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. ત્યાર બાદ તારીખઃ ૨૨.૧૦.૨૦૨૧ ના રોજ તેઓ, અ.હે.કો. દિપકસીંગ, અ.પો.કો. રાહુલસિંહ તથા બીજા પોલીસ સ્ટાફનાં માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા, તે દરમ્યાન જી.આઈ.ડી.સી. પાલીવાલ ચાર રસ્તા પાસે આવતા, તેમની સાથેના અ.હે.કો. દિપકસીંગ અને અ.પો.કો. રાહુલસિંહને બાતમી મળેલી કે, ઉન ગામ, નીજામી નગર ખાતે રહેતો ફૈઝાન નામનો ઈસમ એક સ્પ્લેન્ડર મોટર સાઈકલ નં.જીજે–૫–એસટી–૮૩૪૫ ઉપર મોબાઈલ ચોરી કરવા માટે ફરે છે અને તે થોડી વારમાં મોટર સાઈકલ લઈ શિવનગર તરફથી લક્ષ્મીવીલા ટાઉનશીપ ગેટ નં.૧ તરફ આવનાર છે; આ બાતમી મળતા અને તેમને તેની જાણ કરતા, તેમણે નજીકમાંથી બે પંચો બોલાવી, પોલીસ સ્ટાફ સાથે બાતમીવાળી જગ્યાએ વૉચમાં ગોઠવાયેલ; તે દરમ્યાન બાતમીમાં જણાવ્યા મુજબનો ઈસમ સ્પ્લેન્ડર પ્લસ મોટર સાઈકલ નં.જીજે–૫–એસટી–૮૩૪૫ હંકારી આવતા તેમણે તેને લાકડીના ઈશારાથી રોકી, ગાડી સાઈડ ઉપર કરાવી, કોર્ડન કરી તેનું નામ પૂછતા તેણે પોતાનું નામ ફૈઝાન આલમ ઈસરાર આલમ સૈયદ જણાવેલ; તેને ગાડીની આર.સી.બુક તથા કાગળો બતાવવા કહેતા, તેની પાસે દસ્તાવેજી પુરાવા ન હોવાનું તેણે

જણાવેલ અને આ મોટર સાઈકલ ઉપર આગળ પાછળ રજિસ્ટ્રેશન નં.જીજે–૫–એસટી–૮૩૪૫ લખેલ હતો; તેની અંગઝડતીમાંથી એક સ્કાય બ્લ્યુ કલરનો ટેક્નો કંપનીનો મોબાઈલ ફોન મળી આવેલ અને તે સ્વીચ ઓફ હાલતમાં હતો; આ બાબતે તેની પાસે માલિકી–પુરાવા માંગતા, તેણે કોઈ પુરાવા રજૂ કરેલા નહીં; તેથી આ મુદ્દામાલ મોબાઈલ ફોન ચોરીથી તથા છળકપટથી મેળવવાનો શક જતા તેની પૂછપરછ કરતા તેણે સદર બાબતે ગુનાની કબૂલાત કરેલ અને સચીન જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં આ સંબંધે ગુનો નોંધાયેલો હોઈ, સદર મુદ્દામાલ મોબાઈલ ફોન તથા મોટર સાઈકલ કબજે કરેલ અને આરોપીને ડીટેઈન કરેલ; જે અંગેના આંક–૧૮ ના પંચનામામાં તેમણે બંને પંચો તથા રૂબરૂ તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે; ત્યાર બાદ આરોપીને આ ગુનાના કામે પંચનામુ કરી અટક કરેલ; જે અંગેના આંક–૧૪ ના પંચનામામાં તેમણે બંને પંચો તથા રૂબરૂ તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે; તપાસના કામે ઉપરોક્ત વાહનની આર.સી.બુકની નકલ મેળવેલી, જે તેમણે **આંક–૨૯** થી રજૂ કરેલ છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, તપાસના કામે તેમણે લાગતા–વળગતા શાહેદોના નિવેદનો નોંધેલા અને તપાસના અંતે આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો જણાતા તેમણે નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ; વિશેષમાં તેમણે વિમુખ જાહેર થયેલા શાહેદોની જુબાનીના વિરોધાભાસ પુરવાર કરેલ છે અને આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

**(૧૭.૧) બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઊલટતપાસમાં સદર શાહેદ નં.૯ નાએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,** બનાવ તારીખઃ ૧૯.૧૦.૨૦૨૧ ના રોજ બનેલ અને તેની ફરિયાદ તારીખઃ ૨૨.૧૦.૨૦૨૧ ના રોજ આપવામાં આવેલ, પરંતુ વિલંબ બાબતે કોઈ વાજબી કારણ આપવામાં આવેલ ન હોવાનો તેમણે ઈન્કાર કરેલ છે. તેમણે વધુમાં

સ્વીકારેલ છે કે, બાતમી અંગે કોઈ લેખિત નોંધ કરવામાં આવેલ નથી; બાતમીવાળું સ્થળ ટાઉનશીપના ગેટ પાસે હતું; તપાસ દરમ્યાન આ ટાઉનશીપના ગેટ પાસે લભ્ય સીસીટીવી ફુટેજ તેમણે કલેક્ટ કર્યા હોય, તેવું બનેલ નથી; ફરિયાદ અજાણ્યા ઈસમ વિરુદ્ધ આપવામાં આવેલ છે અને ફરિયાદમાં મોબાઈલ ફોન ઝૂંટવનાર શખ્સના શારીરિક ચિહ્ન કે જેનાથી ઓળખ છતી થાય, તેનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી.

## ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનું મૂલ્યાંકન

**(૧૮)** ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલા ઉપરોક્ત મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનું મૂલ્યાંકન કરતાં પહેલાં એ હકીકત નોંધનીય છે કે, ફોજદારી કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો ખાસ કરીને જુદી જુદી નામદાર વડી અદાલતો અને નામદાર સર્વોચ્ચ અદાલતના જુદા જુદા ચૂકાદાઓ અન્વયે પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, ફરિયાદ પક્ષે પોતાનો કેસ સંપૂર્ણપણે એટલે કે નિઃશંકપણે અને સચોટપણે પુરવાર કરવો જોઈએ. નામદાર સર્વોચ્ચ અદાલતના તાજેતરના જુદા જુદા ચૂકાદાઓ મુજબ, અદાલતે ઘઉંમાથી કાંકરા નહીં, પરંતુ કાંકરામાંથી ઘઉં શોધવાના હોય છે; એટલે કે, નામદાર સર્વોચ્ચ અદાલતના ધ્યાન પર આવેલ છે કે, ફરિયાદ પક્ષના કેસમાં ક્યારેક નબળાઈ, ખોટ અથવા તો અધૂરાપણું જણાતું હોય છે, પરંતુ તેને કારણે અથવા તો ફરિયાદ પક્ષના તપાસ કરનાર અધિકારીની બેદરકારીના કારણે ફરિયાદ પક્ષનો કેસ સંપૂર્ણપણે ફેંકી દઈ શકાય નહીં; કારણ કે, સત્ય એ સત્ય જ રહે છે; એટલું જ નહીં પરંતુ ફરિયાદ પક્ષના કેસના તપાસ કરનાર અધિકારીએ ખોટી રીતે તહોમતદારને કોઈ પણ ગુનામાં સંડોવી દીધેલ હોય

તો સ્વાભાવિક રીતે અદાલતે સંપૂર્ણ રીતે જાગૃત રહીને નિર્દોષ વ્યક્તિને સજા ન થઈ જાય અને તે જ રીતે તહોમતદાર સજામાંથી કે ગુનામાંથી છટકી ન જાય, તે બાબત પણ નમ્રતાપણે ફોજદારી અદાલતે જોવાની હોય છે. તેવી જ રીતે ફરિયાદ પક્ષના કેસમાં ઘણા બધા સાક્ષીઓને તપાસ્યા છે કે કેમ? એટલે કે, ફરિયાદ પક્ષના સાક્ષીઓનો જથ્થો (quantity) જોવાનો હોતો નથી, પરંતુ ફરિયાદ પક્ષના જે જે સાક્ષીઓની જુબાની થઈ હોય, તેની લાયકાત (quality) જોવાની હોય છે; એટલે કે, પુરાવાનું મૂલ્યાંકન એ રીતે કરવાનું હોય છે કે જેથી કરીને સત્ય હકીકત બહાર આવે અને "વિક્ટીમોલોજી" એટલે કે ભોગ બનનારને સાચો ન્યાય મળી શકે અને ફોજદારી કાયદા અન્વયેના સિદ્ધાંત જળવાઈ રહે તેમજ આરોપીને કોઈ પૂર્વગ્રહ ન થાય, તે તમામ પાસાઓ અદાલતે તપાસવાના હોય છે. નામદાર સર્વોચ્ચ અદાલતના તાજેતરના ચૂકાદાઓ પ્રમાણે માત્ર એક સાક્ષીનો પુરાવો જો કુદરતી, વાસ્તવિક, માનવાલાયક, ભરોસાપાત્ર અને વિશ્વસનીય જણાઈ આવતો હોય તો તેવા એકમાત્ર શાહેદની જુબાની માનીને પણ સજા થઈ શકે. તેવી જ રીતે ફરિયાદ પક્ષે ૪૦–૫૦ શાહેદો તપાસેલા હોય અને તેઓનો પુરાવો માનવાલાયક, કુદરતી, ભરોસાપાત્ર તેમજ વિશ્વસનીય ન હોય તો તેવા ૪૦–૫૦ શાહેદોની જુબાની પણ ન માનીને તહોમતદારને નિર્દોષ ઠરાવી શકાય છે. ટૂંકમાં દરેક કેસના સંજોગો અને હકીકતો અલગ–અલગ હોય છે. અદાલતે દરેક કેસની હકીકતો, સંજોગો અને રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લઈ કેસનો ગુણદોષ પર નિર્ણય કરવાનો હોય છે.

(૧૯) કાયદાના ઉપરોક્ત પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાને લઈ, ફરિયાદ પક્ષ દ્વારા ઉપરોક્ત જે મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલ છે, તેનું મૂલ્યાંકન કરવામાં આવે તો, **ફરિયાદી–શાહેદ નં.૪ આકાશ કમાલુદ્દિન શેખ**ના **આંક–૧૮–એ** ના મૌખિક પુરાવા આધારે તેમનો

મોબાઈલ ફોન મોટર સાઈકલ પર આવેલ એક અજાણ્યા ઈસમ ઝૂંટવીને નાસી ગયેલ, તેટલી હકીકત રેકર્ડ પર આવે છે. **પરંતુ સદર શાહેદે તેમના મૌખિક પુરાવામાં આરોપીની ઓળખ સંબંધે કોઈ વિગતો જણાવેલ નથી કે આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ નથી; આરોપી જે વાહન પર આવેલ, તેનો રજિસ્ટ્રેશન નંબર તેમણે જણાવેલ નથી. અત્રે એ હકીકત નોંધનીય છે કે, ફરિયાદીએ તેમની આંક-૧૯ ની ફરિયાદમાં સ્પ્લેન્ડર મોટર સાઈકલ નં.જીજે-૫-એચટી-૮૩૪૫ નો ચાલક તેમના હાથમાંથી તેમનો મોબાઈલ ફોન ઝૂંટવીને નાસી ગયેલ, તેવી હકીકત જણાવેલ છે, પરંતુ ફરિયાદી-શાહેદ નં.૪ નાએ તેમના મૌખિક પુરાવામાં તેમને મોટર સાઈકલનો નંબર ખબર ન હોવાનું જણાવેલ છે. આમ, ફરિયાદીએ તેમના મૌખિક પુરાવામાં તેમની આંક-૧૯ ની ફરિયાદને સમર્થન કરતી વિગત જણાવેલ નથી. વધુમાં તપાસ કરનાર અધિકારી દ્વારા ફરિયાદી મારફત આરોપીની ઓળખ પરેડ પણ કરાવવામાં આવેલ નથી. આમ, ફરિયાદી (શાહેદ નં.૪) ના પુરાવા પરથી આરોપીની આ ગુનામાં સંડોવણી સંબંધે કે ઓળખ સંબંધે કોઈ હકીકત રેકર્ડ પર આવતી નથી.**

**(૨૦)** ફરિયાદ પક્ષે આ બનાવના નજરે જોનાર શાહેદ તરીકે રીટાબેન માયારામ શર્મા (આંક-૨૩), રૂપસીંગ જશવંતસીંગ રાઠોડ (આંક-૨૪) તથા ફિરોઝ અકિલભાઈ તૈલી (આંક-૨૬) નાઓને તપાસેલ છે. પરંતુ **સદર ત્રણે શાહેદોએ તેઓના મૌખિક પુરાવામાં ફરિયાદીનો મોબાઈલ ફોન ઝૂંટવી લઈ જવાનો બનાવ નજરે જોયેલ હોવાનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે. આથી ફરિયાદ પક્ષે તપાસેલ ઉપરોક્ત નજરે જોનાર શાહેદોનો મૌખિક પુરાવો આરોપી વિરુદ્ધના આક્ષેપો પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષને મદદરૂપ બની શકે તેમ નથી.**

**(૨૧)** હવે **મુદ્દામાલની રીકવરી** અંગેનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, ફરિયાદ પક્ષના કેસ મુજબ, પોલીસને મળેલ બાતમી આધારે, બાતમીવાળી જગ્યાએથી આ કામના આરોપીને મુદ્દામાલના મોબાઈલ ફોન સાથે અટક કરવામાં આવેલ અને તે અંગે **આંક–૧૮** નું **પંચનામું** કરવામાં આવેલ. હવે સૌપ્રથમ તો આંક–૧૮ ના પંચનામા સંબંધે **શાહેદ નં.૩ પંચ સુરેશભાઈ ત્રિવેદીપ્રસાદ**નો મૌખિક પુરાવો ધ્યાને લેવામાં આવે તો, તેમણે તેમના મૌખિક પુરાવામાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, તેમની હાજરીમાં આરોપીને અટક કરી, તેના કબજામાંથી કોઈ મુદ્દામાલ કબજે લેવામાં આવેલ હોય, તેવું બનેલ નથી. સદર પંચ શાહેદને ફરિયાદ પક્ષે વિમુખ જાહેર કરેલા છે. આમ, **ઉપરોક્ત પંચ શાહેદ (શાહેદ નં.૩) ના મૌખિક પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, બાતમી આધારે આરોપીને અટક કરી, તેની પાસેથી મુદ્દામાલનો મોબાઈલ ફોન કબજે લેવામાં આવેલ હોવાની હકીકત પ્રસ્થાપિત થતી નથી**. એ હકીકત છે કે, **શાહેદ નં.૭ હેડ કોન્સ્ટેબલ દિપકકુમાર હરિસીંગ ડાભી તથા શાહેદ નં.૯ તપાસ કરનાર અધિકારી ઘનશ્યામસિંહ રતનસિંહ પરમાર** નાઓએ તેઓના અનુક્રમે **આંક–૨૫ અને ૨૮** ના મૌખિક પુરાવામાં પોલીસને મળેલ બાતમી આધારે આરોપીને મુદ્દામાલના મોબાઈલ ફોન સાથે અટક કરવામાં આવેલ હોવાની હકીકત જણાવેલ છે. પરંતુ **જે જગ્યાએથી આરોપીને મુદ્દામાલ સાથે અટક કરવામાં આવેલ, તે જગ્યા જાહેર વિસ્તાર હોવાનું અને ત્યાં લોકોની સતત અવરજવર રહેતી હોવાનું જણાય છે. આથી તે વિસ્તારમાંથી સ્વતંત્ર શાહેદો મળી શકે તેમ હોવા છતાં પોલીસે આ સંબંધે કોઈ સ્વતંત્ર શાહેદોના નિવેદન નોંધી, તેઓનો પુરાવો રેકર્ડ પર રજૂ કરેલ નથી**. વધુમાં પંચ શાહેદે સદર પંચનામાની વિગતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી. આ સંજોગોમાં ફક્ત પોલીસ શાહેદોના પુરાવા આધારે મુદ્દામાલની રીકવરી હાલના આરોપી પાસેથી કરવામાં આવેલ હોવાની હકીકત પુરવાર થયાનું માની શકાય નહીં.

**(૨૨) વધુમાં જે વિસ્તારમાં કથિત બનાવ બનેલ તેમજ જે વિસ્તારમાંથી આરોપીને બાતમી આધારે મુદ્દામાલ સાથે અટક કરવામાં આવેલ, તે વિસ્તાર કે તેની આસપાસના વિસ્તારોના સીસીટીવી ફુટેજ પણ તપાસ કરનાર અધિકારીએ કબજે લીધા હોય, તેવું જણાઈ આવતું નથી. આવા કોઈ સીસીટીવી ફુટેજ ફરિયાદ પક્ષ દ્વારા આ કામે રેકર્ડ પર રજૂ કરવામાં આવેલ નથી.**

**(૨૨.૧)** આ તબક્કે નામદાર સર્વોચ્ચ અદાલતનો **તોમાસો બ્રુનો વિ. ઉત્તર પ્રદેશ રાજ્ય – ૨૦૧૫(૦) એઆઈજેઈએલ–એસસી ૫૬૦૯૭** નો ચૂકાદો વંચાણે લેવામાં આવે તો, આ ચૂકાદાના પેરા–૨૨ માં નીચે મુજબ અવલોકન કરવામાં આવેલ છેઃ–

> *"22. To invoke Section 106 of the Evidence Act, the main point to be established by the prosecution is that the accused persons were present in the hotel room at the relevant time. PW-1 Ram Singh-Hotel Manager stated that CCTV cameras are installed in the boundaries, near the reception, in the kitchen, in the restaurant and all three floors. Since CCTV cameras were installed in the prominent places, CCTV footage would have been best evidence to prove whether the accused remained inside the room and whether or not they have gone out. CCTV footage is a strong piece of evidence which would have indicated whether the accused remained inside the hotel and whether they were responsible for the commission of a crime. It would have also shown whether or not the accused had gone out of the*

*hotel. CCTV footage being a crucial piece of evidence, it is for the prosecution to have produced the best evidence which is missing. Omission to produce CCTV footage, in our view, which is the best evidence, raises serious doubts about the prosecution case."*

**(૨૩)** વધુમાં આ કામે ફરિયાદ પક્ષ દ્વારા **આંક–૧૩** થી ગુનાવાળી જગ્યાનું પંચનામું તેમજ **આંક–૧૪** થી આરોપીને અટક કર્યાનું પંચનામું રજૂ કરવામાં આવેલ છે. આ પંચનામાઓ સંબંધે ફરિયાદ પક્ષે શાહેદ નં.૧ અને ૨ તપાસેલ પંચ શાહેદોએ તેઓના મૌખિક પુરાવામાં સદર આંક–૧૩ અને ૧૪ ના પંચનામાઓને સમર્થન કરતી કોઈ વિગતો જણાવેલ ન હોઈ, વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓને વિમુખ જાહેર કરવામાં આવેલ છે. આમ, સદર પંચ શાહેદોના મૌખિક પુરાવાથી આંક–૧૩ અને ૧૪ ના પંચનામાની વિગતોને સમર્થન પ્રાપ્ત થતું નથી.

**(૨૪)** હવે ઉપરોક્ત તમામ બાબતોને લક્ષમાં લઈએ તો એ હકીકત નિર્વિવાદ બને છે કે, રેકર્ડ ઉપર આરોપી સામે માત્ર પોલીસ શાહેદોનો પુરાવો છે, જે પોલીસ શાહેદોના પુરાવાને ફરિયાદી કે પંચ શાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું નથી; નજરે જોનાર શાહેદોએ ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી; આરોપીની આ ગુનામાં સંડોવણી સંબંધે કે મુદ્દામાલની રીકવરી સંબંધે કોઈ સ્વતંત્ર શાહેદનો પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. આ કામના શાહેદ નં.૪–ફરિયાદીએ આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ નથી; આરોપી ક્યા વાહન પર આવેલ, તેનો રજિસ્ટ્રેશન નંબર શું હતો, તે બાબતે ફરિયાદીએ તેમના મૌખિક પુરાવામાં કોઈ સ્પષ્ટ વિગતો

જણાવેલ નથી; ફરિયાદી મારફત આરોપીની ઓળખ પરેડ કરાવવામાં આવેલ નથી. આરોપી પાસેથી મુદ્દામાલની રીકવરી નિઃશંકપણે પુરવાર થયેલ નથી. આરોપીની બનાવવાળી જગ્યાએ હાજરી સંબંધે તેમજ તેને બાતમીવાળી જગ્યાએથી મુદ્દામાલના મોબાઈલ ફોન સાથે અટક કરવા સંબંધે સીસીટીવી ફુટેજનો કોઈ પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. આમ, ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનું સમગ્રપણે મૂલ્યાંકન કરવામાં આવે તો ફરિયાદીનો મોબાઈલ ફોન આ કામના આરોપી જ ઝૂંટવીને નાસી ગયેલ અને આરોપી પાસેથી જ ફરિયાદીનો મોબાઈલ ફોન રીકવર કરવામાં આવેલ, તે હકીકત નિઃશંકપણે પ્રસ્થાપિત થતી નથી. જેથી ફરિયાદ પક્ષ આરોપી વિરુદ્ધનું તહોમતનામું મૌખિક, દસ્તાવેજી, દાર્શનિક, વૈજ્ઞાનિક કે અન્ય કોઈ પણ પુરાવાથી વાજબી શંકાથી પર, નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી. પરીણામે, ફરિયાદ પક્ષ આરોપી સામે આંક-૪ થી ફરમાવવામાં આવેલ તહોમતનામા મુજબ **ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૯(એ)(૩)** મુજબનો આક્ષેપિત ગુનો સબળ, વિશ્વસનીય, આધારભુત અને સાતત્યસભર પુરાવાથી નિઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોઈ, ઉપરોક્ત ઉપસ્થિત **મુદ્દા નં.૧** નો નિર્ણય '**નકાર**' માં ઠરાવવામાં આવે છે.

**મુદ્દા નં.૨ અને ૩** :-

**(૨૫)** આમ, મુદ્દા નં.૧ ના સંદર્ભમાં ફરિયાદ પક્ષના પુરાવાની કરેલ વિસ્તૃત ચર્ચા તથા તેના નિર્ણયને ધ્યાને લેતાં, ફરિયાદ પક્ષ આરોપી વિરુદ્ધનું તહોમત શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ, **મુદ્દા નં.૨** નો નિર્ણય '**નકાર**' માં ઠરાવી, **મુદ્દા નં.૩** અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છેઃ-

## <u>હુકમ</u>

૧. **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૫૮(૧)** અન્વયે **આરોપી ફૈઝાનઆલમ ઈસરારઆલમ સૈયદ,** ઉ.૨૧ વર્ષ, રહેવાસીઃ પ્લોટ નં.૧૨૨, રૂમ નં.૪, નાઝીમભાઈના મકાનમાં, નીઝામીનગર, ઉનગામ તળાવ પાસે, ઉન, સુરત; મૂળ રહે. અકબરપુર, પો.રજત, થાના અકબરપુર, જિ.નવાદા, બિહાર નાને **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩)** મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પૂરતા અને સંતોષકારક પુરાવાના અભાવે **શંકાનો લાભ** આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. સદર ગુનાના કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ પૈકી;

[i] **<u>મુદ્દામાલ આર્ટિકલ નં.૧</u>** ના ટેકનો કંપનીના મોબાઈલ ફોન સંબંધે હજુ કોઈ વ્યક્તિ દ્વારા માંગણી કરવામાં આવેલ નથી. આથી જો અપીલ સમય પૂરો થતા સુધીમાં જો કોઈ વ્યક્તિ દ્વારા સદર મુદ્દામાલની માંગણી કરવામાં આવે તો, અપીલ પીરીયડ બાદ, તેમને સદર મુદ્દામાલની માલિકી અંગેની જરૂરી ખરાઈ કરી નિયમાનુસાર પરત કરવા હુકમ કરવામાં આવે છે; પરંતુ અપીલ સમય પૂરો થતા સુધીમાં જો કોઈ વ્યક્તિ દ્વારા સદર મુદ્દામાલની માંગણી ન કરવામાં આવે તો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૯૮ અન્વયે અપીલ સમય પૂરો થયેથી ઉપરોક્ત મુદ્દામાલ રાજ્યસાત કરવાનો હુકમ કરવામાં આવે છે.

[ii] **<u>મુદ્દામાલ આર્ટિકલ નં.૨</u>** મોટર સાઈકલ નં.જીજે–૫–એચટી–૮૩૪૫ નો વચગાળાનો કબજો વિ.મેજિસ્ટ્રેટશ્રીના હુકમ અન્વયે જે તે અરજદારને સોંપવામાં આવેલ છે, તે હુકમ આથી કાયમ રાખવામાં આવે છે.

૩. આ કામના આરોપી હાલના ગુનાના કામે જામીન મુક્ત હોઈ, તેમણે રજૂ કરેલા જામીન તથા જાતમુચરકા રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૪. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૮૧(૧) મુજબ, આ કામના આરોપીએ અપીલ કોર્ટમાં હાજર રહેશે તેની ખાતરી આપતા છ માસના સમયગાળા માટેના ₹૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજૂ કરવા હુકમ કરવામાં આવે છે.

૫. આ કામના આરોપીએ પોતાનું રહેઠાણનું તેમજ નોકરી/ધંધાનું સરનામું મોબાઈલ નંબરની વિગતો સાથે જાહેર કરવાનું રહેશે.

૬. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૬૫ અન્વયે આ હુકમની **સોફ્ટ કોપી ઈમેઈલના માધ્યમથી** જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સુરત શહેરને મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

**નોંધઃ** નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ક્રિમિનલ અપીલ નં.૨૯૭૩/૨૦૨૫ – મનોજભાઈ જેઠાભાઈ પરમાર (રોહિત) વિ. ગુજરાત રાજ્યના તારીખઃ ૧૫.૧૨.૨૦૨૫ ના રોજના ચૂકાદામાં આપવામાં આવેલ નિર્દેશ આ કેસમાં રજૂ થયેલા પુરાવાઓની વિગતો અલગ પરિશિષ્ટ દર્શાવી, તે પરિશિષ્ટ આ ચૂકાદો સાથે અંતમાં સામેલ રાખવામાં આવેલ છે.

આ ચૂકાદો આજરોજ તારીખઃ **૯મી** માહે **એપ્રિલ**, સને **૨૦૨૬** ના રોજ સુરત મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સહી/–

સ્થળઃ સુરત
તારીખઃ ૦૯.૦૪.૨૦૨૬

**(રાહુલ અરૂણકુમાર ત્રિવેદી)**
સત્ર ન્યાયાધીશ, સુરત
[કોડ નં.જીજે૦૧૪૯૫]

DPP

નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ક્રિમિનલ અપીલ નં.૨૯૭૩/૨૦૨૫ મનોજભાઈ જેઠાભાઈ પરમાર (રોહિત) વિ. ગુજરાત રાજ્યના તારીખઃ ૧૫.૧૨.૨૦૨૫ ના રોજના ચૂકાદામાં આપવામાં આવેલ નિર્દેશ અનુસાર ...

## પરિશિષ્ટ

## ફરિયાદ પક્ષે તપાસેલા શાહેદોનું લીસ્ટ

| શાહેદ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧ | મુકેશભાઈ તારકનાથ પાંડે | પંચ શાહેદ |
| ૨ | રણવીરસિંહ હકીમસિંહ રાજપુત | પંચ શાહેદ |
| ૩ | સુરેશભાઈ ત્રિવેદીપ્રસાદ | પંચ શાહેદ |
| ૪ | આકાશ કમાલુદ્દિન શેખ | ફરિયાદી |
| ૫ | રીટાબેન માયારામ શર્મા | નજરે જોનાર શાહેદ |
| ૬ | રૂપસીંગ જશવંતસીંગ રાઠોડ | નજરે જોનાર શાહેદ |
| ૭ | દિપકકુમાર હરિસીંગ ડાભી | પોલીસ શાહેદ |
| ૮ | ફિરોઝ અકિલભાઈ તૈલી | નજરે જોનાર શાહેદ |
| ૯ | ઘનશ્યામસિંહ રતનસિંહ પરમાર | પોલીસ શાહેદ |

સહી/-

સ્થળઃ સુરત
તારીખઃ ૦૯.૦૪.૨૦૨૬

**(રાહુલ અરૂણકુમાર ત્રિવેદી)**
સત્ર ન્યાયાધીશ, સુરત
[કોડ નં.જીજે૦૧૪૯૫]

નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ક્રિમિનલ અપીલ નં.૨૯૭૩/૨૦૨૫ મનોજભાઈ જેઠાભાઈ પરમાર (રોહિત) વિ. ગુજરાત રાજ્યના તારીખઃ ૧૫.૧૨.૨૦૨૫ ના રોજના ચૂકાદામાં આપવામાં આવેલ નિર્દેશ અનુસાર ...

## પરિશિષ્ટ

## ફરિયાદ પક્ષે રજૂ કરેલા દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ

| **આંક** | **દસ્તાવેજી પુરાવાનું વર્ણન** | **ક્યા શાહેદ દ્વારા પુરવાર કરવામાં આવેલ છે?**<br>**શાહેદ નંબર** |
|---|---|---|
| ૧૩/૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧ |
| ૧૪/૧ | આરોપીનું અટક પંચનામું | ૧ |
| ૧૮/૩ | મુદ્દામાલ રીકવરીનું પંચનામું | ૩ |
| ૧૯/૪ | ફરિયાદ | ૪ |
| ૨૮/૯ | આર.સી.બુકની નકલ | ૯ |

સહી/-
**(રાહુલ અરૂણકુમાર ત્રિવેદી)**
સત્ર ન્યાયાધીશ, સુરત
[કોડ નં.જીજે૦૧૪૯૫]

સ્થળઃ સુરત
તારીખઃ ૦૯.૦૪.૨૦૨૬

નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ક્રિમિનલ અપીલ નં.૨૯૭૩/૨૦૨૫ મનોજભાઈ જેઠાભાઈ પરમાર (રોહિત) વિ. ગુજરાત રાજ્યના તારીખઃ ૧૫.૧૨.૨૦૨૫ ના રોજના ચૂકાદામાં આપવામાં આવેલ નિર્દેશ અનુસાર ...

## પરિશિષ્ટ

## ફરિયાદ પક્ષે રજૂ કરેલા મટીરીયલ ઓબ્જેક્ટસ/મુદ્દામાલનું લીસ્ટ

| મુ.આ. નં. | મુદ્દામાલનું વર્ણન | ક્યા શાહેદ દ્વારા પુરવાર કરવામાં આવેલ છે? શાહેદ નંબર |
|---|---|---|
| ૧ | મોબાઈલ ફોન | -- |
| ૨ | મોટર સાઈકલ નં.જીજે-૫-એચટી-૮૩૪૫ | -- |

સહી/-

**(રાહુલ અરૂણકુમાર ત્રિવેદી)**
સત્ર ન્યાયાધીશ, સુરત
[કોડ નં.જીજે૦૧૪૯૫]

સ્થળઃ સુરત
તારીખઃ ૦૯.૦૪.૨૦૨૬